તંત્રીશ્રીની કલમ

અમેરિકાએ પાકિસ્તાનને F-16ના રિપેરિંગ માટેનું પેકેજ આપતા ભારત નારાજ

અમેરિકાએ ભારતને કહ્યાં વગર જ પાકિસ્તાનને ૬-૧૬ના રિપેરિંગ માટે ૪૫ કરોડ ડોલરનું 'સસ્ટેનમેન્ટ પેકેજ' આપતા ભારતે વિરોધ કર્યો છે. આ વિરોધ અમેરિકાના આસિસ્ટન્ટ સેક્રેટરી ઓફ સ્ટેટ ફોર સાઉથ એન્ડ સેન્ટ્રલ એશિયન અફેયર્સ ડોનાલ્ડ લૂ એંગે વ્યક્ત કરવામાં આવ્યો છે. આ નિર્ણયના ટાઈમિંગ પર પણ વિરોધ વ્યક્ત કરવામાં આવ્યો છે. ભારત સરકારનું માનવું છે કે આ નિર્ણયની પરસ્પર વધી રહેલા સંબંધો પર કોઈ જ અસર થશે નહિ. જોકે તેનાથી આ સંબંધોમાં થોડી અસહજતા જરૂર સર્જાશે. કારણ કે અમેરિકાએ આ નિણય એંગ ભારતને પહેલા જાણ કરી નહોતી. તેની ભારતની સુરક્ષા પર ગંભીર અસર થાય છે. એક રિપોર્ટ મુજબ, પાકિસ્તાનને આપવામાં આવનારી આ મદદને ડોનાલ્ડ ટ્રમ્પ પ્રશાસને ૨૦૧૮માં રોકી દીધી હતી. જોકે જો બાઈડન પ્રશાસને આ નિર્ણયને બદલ્યો હતો. આ જાહેરાત એવા સમયમાં કરવામાં આવી જ્યારે ભારત અમેરિકાના અધિકારીઓની મેજબાની કરી રહ્યું હતું. જેમાં લૂ પોતે સામેલ હતા. અમેરિકાએ જ્યારે તેની જાહેરાત કરી ત્યારે યુએસ-ઈન્ડિયા ટૂ પ્લસ ટૂની ઈન્ટરસેશનલ મીટિંગ અને મેરીટાઈમ સિક્યોરિટી ડાયલોગ ચાલી રહ્યો હતો. આ મુદ્દાને ખૂબ જ કડક રીતે ઉઠાવી શકે ઉઠાવ્યો છે. ઉલ્લેખનીય છે કે અમેરિકા ભારતની સુરક્ષાને ધ્યાનમાં રાખશે. અમેરિકાએ કહ્યું છે કે નવા મેન્ટેનન્સ પેકેજમાં નવી ક્ષમતાઓ, હથિયાર કે કોઈ દારૂગોળો સામેલ નહિ હોય. ભારત અને અમેરિકાનો ટૂ પ્લસ ટૂ ડાયલોગ ૩ સપ્ટેમ્બરે થયો હતો. જ્યારે આ બેઠક ચાલી રહી હતી ત્યારે જ અમેરિકાએ કોંગ્રેસના એક પ્રસ્તાવને મંજૂરી આપી દીધી, જેમાં પાકિસ્તાનના ૬-૧૬ વિમાનોને રિપેરિંગ માટેનું પેકેજ સામેલ હતું. અમેરિકાના વિદેશ વિભાગના એક પ્રવક્તાએ કહ્યું કે પાકિસ્તાન આતંકવાદ વિરોધી ગતિવિધીઓમાં એક મોટું સહયોગી છે. અગાઉથી ચાલતી આવી રહેલી નીતિ મુજબ, અમેરિકા વેચવામાં આવેલા હથિયારોના રિપેરિંગ માટે કામ કરશે. ભારતનું માનવું છે કે પાકિસ્તાનના ૬-૧૬ના કાફલાનું લક્ષ્ય ભારત છે. ભલે તેમાંથી કેટલાક વિમાન હાલ સંચાલનમાં નથી. ભારતને એ વાત પર પણ અચરજ છે કે ચીન સાથે પોતાના રક્ષા સંબંધોમાં કોઈ પણ પ્રકારનો કાપ મૂક્યા વગર પાકિસ્તાનને આ પ્રકારનું અમેરિકાનું સમર્થન કઈ રીતે મળી રહ્યું છે. એવી અટકળો છે કે અલકાયદાના નેતા અયમાન અલ જવાહિરીને મારવા માટે પાકિસ્તાને ઘણા હવાઈ વિસ્તારોના ઉપયોગને મંજૂરી આપી હતી. આ કારણે પાકિસ્તાનને અમેરિકાએ આ પેકેજ આપ્યું છે. જોકે પાકિસ્તાન તાલિબાનના આ આરોપથી હમેશાં ઈંકાર કરતું આવ્યું છે.

એક મહિલા નકલી અધિકારી બનીને ખંડણી પેટે રૂપિયા પડાવ્યા, કાઈમ બ્રાન્ચે પકડી પાડી

મધ્યપ્રદેશ, મધ્યપ્રદેશના ઈન્દોરમાં એક ચોંકાવનારો કિસ્સો પ્રકાશમાં આવ્યો છે. અહીં એક મહિલા MPPSC ક્લિયર ન કરી શકતા તેણે નકલી અધિકારી બનીને લોકોને ઠગવાનું શરૂ કર્યું. નકલી જીઝ્ર બનીને વેપારી પાસેથી ખંડણી માંગનારી મહિલાને કાઈમ બ્રાન્ચે પકડી લીધી છે. તેની પાસેથી રાજયપાલ મંગુભાઈ પટેલે સાઈન કરેલા નકલી લેટરો પણ મળ્યો છે. તેણે નકલી ઓફર લેટર આપીને કપલ પાસેથી ૭.૫ લાખ રૂપિયા પડાવી લીધા હતા. હાલ કાઈમ બ્રાન્ચ આ મામલાની તપાસ કરી રહી છે. નીલમ પોતાને સુપર વાઈઝર ૧૦ સ્ટાર એન્ડ SDM અધિકારી ગણાવે છે. સાથે જ ગાડી પર મધ્યપ્રદેશ સરકાર લખાવ્યું છે. તેણે એક બેરોજગારને નકલી એપોઈન્ટમેન્ટ લેટર આપ્યો હતો. બેરોજગારને તેણે વોર્ડ કમાંડ-૭૫ પત્થર મુંડલામાં ઝોનલ અધિકારીના પદ પર નિમણૂંકનું પ્રમાણપત્ર પણ આપ્યું હતું. તેની સેલેરી પણ ૪૫ હજાર રૂપિયા નક્કી કરવામાં આવી છે. તેની પત્નીને મહિલા બાલ વિકાસ પરિયોજનામાં સુપરવાઈઝરના પદ પર નકલી નિમણૂંકનો પત્ર પણ આપવામાં આવ્યો છે. આમ કુલ ૭.૫ લાખની છેતરપિંડી થઈ છે. મહિલાએ ફરિયાદ કરી કે તેની સાડીની દુકાનથી નીલમ પારાશરે ૭૪ હજાર રૂપિયાના કપડા ખરીદ્યા હતા. તેણે પોતે દેપાલપુર જીઝ્ર હોવાનું કહીને કહ્યું કે હાલ કેશ પૈસા નથી. આમ કહીને તેણે દુકાનદારને નકલી ચેક આપી દીધો. જોકે ચેક બાઉન્સ થયો હતો. ડીસીપી નિમિષ અગ્રવાલે કહ્યું કે પોતાને એસડીએમ કહી રહેલી મહિલાનું નામ નીલમ પારાશર(૪૦) છે. તે પોતાને દેપાલપુર વિસ્તારની એસડીએમ ગણાવતી હતી. તેના પગલે તે અહીં લોકો પાસેથી ખંડણી માંગતી હતી. ગૌતમપુરાના એક વેપારીની ફરિયાદ પછી તેને કાઈમ બ્રાન્ચે પકડી લીધી છે. તે થોડા દિવસો પહેલા ખરીદી કરવા ગઈ હતી. જોકે ખરીદી પછી વેપારીએ તેને બિલ ચુકવવાનું કહ્યું તેણે વેપારીને જેલમાં મોકલવાની ધમકી આપી હતી.

કોરોના વેક્સિન કોવિશિલ્ડ' બનાવતી કંપનીના ડિરેક્ટર સાથે છેતરપિંડીની ઘટના આવી સામે

નવીદિલ્હી, કોરોના વેક્સિન 'કોવિશિલ્ડ' બનાવતી કંપની સીરમ ઈન્સ્ટિટ્યૂટ ઓફ ઈન્ડિયાના ડિરેક્ટર સાથે ૧ કરોડ રૂપિયાથી વધુની છેતરપિંડીની ઘટના બની છે. મોટી આશ્ચર્યની વાત એ છે કે પોતાની સાથે છેતરપિંડી કરનાર ધુતારાએ અદાર પૂનાવાલા હોવાનો ડોળ કરીને આ કૃત્ય કર્યું હતું. અદાર પૂનાવાલા સીરમ ઈન્સ્ટીટ્યુટ ઓફ ઈન્ડિયાના સીઈઓ છે. સીરમ ઈન્સ્ટિટ્યૂટ ઓફ ઈન્ડિયા વિશ્વની સૌથી મોટી રસી ઉત્પાદક કંપની છે. સીરમ ઈન્સ્ટિટ્યૂટ ઓફ ઈન્ડિયાનું નામ કોરોના મહામારી દરમિયાન ખૂબ જ લોકપ્રિય બન્યું હતું, કારણ કે કંપનીએ વિશ્વના મોટાભાગના વિસ્તારોમાં ઝડપથી કોરોના રસી પહોંચાડવા માટે ઘણું કામ કર્યું હતું. આ ઘટનાને લઈને પોલીસે શંકાસ્પદ વ્યક્તિ વિરુદ્ધ ફરિયાદ દાખલ કરી છે. પોલીસે જણાવ્યું કે છેતરપિંડી કરનારે કંપનીના ડિરેક્ટર સતીશ દેશપાંડેને વોટ્સએપ મેસેજ મોકલ્યો હતો. તેણે પોતાની ઓળખ અદાર પૂનાવાલા તરીકે આપી અને સતીશ દેશપાંડેને રૂ. ૧,૦૧,૦૧,૫૫૪ રૂપિયાની છેતરપીંડી કરી હતી. સતીશ કંપનીના ટોચના અધિકારીઓમાંના એક છે. મહારાષ્ટ્રના પુણેમાં બુંદ ગાર્ડન પોલીસ સ્ટેશનમાં કેસ નોંધવામાં આવ્યો છે. વરિષ્ઠ પોલીસ નિરીક્ષક પ્રતાપ માનકરે આ ઘટનાની પુષ્ટિ કરી છે. પોલીસે છેતરપિંડીનો ગુનો નોંધ્યો છે. પોલીસ હવે આ મામલે તપાસ કરી રહી છે. પોલીસના જણાવ્યા અનુસાર આ ઘટના આ સપ્તાહે બુધવાર અને ગુરુવારની વચ્ચે બની હતી.

પોલીસને મૂસેવાલા હત્યાકાંડમાં સૌથી મોટી સફળતા, વધુ ત્રણ આરોપીઓની થઈ ધરપકડ

પંજાબ, પંજાબ પોલીસ અને દિલ્હી પોલીસની સ્પેશિયલ સેલને એક મોટી સફળતાના રૂપમાં પશ્ચિમ બંગાળથી સિદ્ધુ મૂસેવાલા હત્યાકાંડમાં સામેલ ત્રણ ફરાર શાર્પ શૂટરોની ધરપકડ કરી છે. ડીજીપી પંજાબે જણાવ્યું છે કે આ કેન્દ્રિય એજન્સીઓની મદદથી પંજાબ અને દિલ્હી પોલીસની સ્પેશિયલ સેલની વચ્ચે એક સંયુક્ત ઓપરેશન હાથ ધરવામાં આવ્યું હતું. જેમાં દીપક ઉર્ફે મુંડી અને તેના સાથીદાર કપિલ પંડિત અને રાજેન્દ્ર ઉર્ફે જોકરની ધરપકડ કરવામાં આવી છે. ડીજીપીએ આગળ જણાકારી આપતા જણાવ્યું હતું કે, દીપક, પંડિત અને રાજેંદરને આજે એજીટીએફ (એન્ટી ગેંગસ્ટર ટાસ્ક ફોર્સ) દીપ દ્વારા પશ્ચિમ બંગાળ- નેપાળ સરહદ પર એક ખાનગી ઓપરેશન હાથ ધરવામાં આવ્યું હતું, જેમાં તેમની ધરપકડ કરવામાં આવી છે.

Printed & Published by Mayur C. Bhatt on behalf of Kalyani Pub. Pvt. Ltd Printed at : Dharti Printers C-3, Shankar Chember, Nr. Fadia Chamber, Asharam Road, Ahmedabad-2. Published From: 37/ A, Rajlaxmi Tanament, Opp. Rami Vidhyalaya, Laxmipura, Gorva,Vadodara

આજનું રાશિફળ

મેષ- મુશ્કેલીઓ પર નિવાસ કરવાની તથા તેને એનેકગણી વધારવાની તમારી ટેવ તમારા નૈતિક તંતુને નબળો પાડી શકે છે. આજ ના દિવસે તમારે દારૂ જેવી માદક વસ્તુ નું સેવન ના કરવું જોઈએ કેમકે નશા ની સ્થિતિ માં તમારી કોઈ મોંઘી વસ્તુ ખોવાઈ શકે છે. પોતાની અંગત સમસ્યાઓ ઉકેલવા માટે મિત્ર તમારી મદદ લઈ શકે છે. બિનજરૂરી શંકા સંબંધો ને બગાડવા નું કામ કરે છે. તમારે તમારા પ્રેમી પર શંકા ન કરવી જોઈએ. જો તમને તેમના વિશે કોઈ શંકા છે, તો પછી તેમની સાથે બેસો અને સમાધાન શોધવા નો પ્રયાસ કરો. નવા સંયુક્ત સાહસો તથા ભાગીદારી પર સહી-સિક્કા કરવાથી દૂર રહો. આજે તમે ઓફિસે પહોંચ્યા પછી તરત જ ઓફિસ થી ઘરે જવા નું વિચારી શકો છો. ઘરે પહોંચ્યા પછી, તમે મુવી જોવા ની અથવા પરિવાર ના સભ્યો સાથે પાર્ક માં જવા નું વિચારી શકો છો.

વૃષભ- તમારી રમુજવૃત્તિ કોઈકને પોતાનામાં આ કૌશલ્ય વિકસાવવાનો ઉત્સાહ આપશે કેમ કે ખુશી ચીજ-વસ્તુઓ મેળવવામાં કે તેના સંગ્રહમાં નહીં પણ આપણી અંદર હોય છે. આજે તમારા ઓફિસે માં તમારો કોઈ સહકર્મી તમારી વસ્તુ ચોરી કરી શકે છે તેથી આજે તમારે પોતાના સમાન નું ધ્યાન રાખવું જરૂરી છે. પારિવારિક મોરચે સ્વસ્થતા જળાય છે અને તમારી યોજનાઓમાં તેમના સંપૂર્ણ સહકારની અપેક્ષા રાખી શકો છો. તમે જો મિત્રો સાથે સાંજ બહાર જશો તો ઈન્ટરનેટ રોમાન્સ તમારી તરફ આવી શકે છે. કોઈ નવો પ્રોજેક્ટ હાથમાં લેતા પહેલા બે વાર વિચારજો. તમને આજે ઘર ની એક જૂની વસ્તુ પડેલી જોવા મળે છે, જે તમને તમારા બાળપણ ના દિવસો ની યાદ અપાવે છે અને તમે તમારો દિવસ ઘણી ઉદાસી સાથે એકલા પસાર કરી શકો છો.

મિથુન- તમારાં શારીરિક સુસજ્જતા જાળવે એવી રમતગમતની પ્રવૃત્તિને તમે માણશો એવી શકવતા છે. આર્થિક જીવન ની સ્થિતિ આજે સારી નહિ કહી શકાય? જ્યારે બચત કરવા માં મુશ્કેલી આવી શકે છે. નવું પારિવારિક સાહસ શરૂ કરવા માટે શુભ દિવસ. આ સાહસને સફળ બનાવવા માટે પરિવારના સભ્યની મદદ લો. પ્રેમ જીવન ગતિશીલ હશે. વ્યાપારી ભાગીદારો સહકારપૂર્વક વર્તશે અને તમે સાથે મળીને અઘૂરાં કાર્યો પૂરાં કરશો. જેમની સાથે તમારો સમય ખરાબ થાય છે તેમની સાથે સંપર્ક વધારવા નું ટાળો. તમારો કોઈક જૂનો મિત્ર કદાચ આવશે અને તમારા જીવનસાથી સાથેની જૂની યાદગાર ક્ષણો વિશે તમને યાદ કરાવશે.

કર્ક- કશુંક રસપ્રદ વાચી માનસિક વ્યાયામ કરો. શંકાસ્પદ આર્થિક સોદાઓમાં સંડોવાઈ ન જાવ તેની તકેદારી રાખજો. મિત્રો મદદરૂપ અને ખાસ્સા ઉપયોગી સાબિત થશે. રોમેન્ટિક યાદો તમારા દિવસ પર કબજો જમાવશે. હિંમતભર્યાં નિર્ણયો તથા પગલાં હકારાત્મક પરિણામો લાવશે. આજે તમારો મક્કમ સમય મોબાઇલ અથવા ટીવી જોવા પર વ્યર્થ થઈ શકે છે. આ તમારા જીવનસાથી ને તમારી સાથે નારાજ પણ કરશે કારણ કે તમે તેમની સાથે વાત કરવા માં કોઈ રુચિ બતાવશો નહીં. તમારા જીવનસાથી તમારી સાથે આટલા સારા ક્યારેય નહોતા. તમને આજે તમારા જીવનમાંના પ્રેમ તરફથી કોઈક સરપ્રાઈઝ મળી શકે છે.

સિંહ- તમારી ધીરજ ખોતા નહીં ખાસ કરીને મુશ્કેલીના સમયમાં. રોકાણ કરવું જોઈએ પણ એ પૂર્વે યોગ્ય સલાહ લો. તમારા બાળકના એવોર્ડ સમારંભમાં આમંત્રણ આનંદનું કારણ બની શકે છે. તમારા સંતાનને તમારી અપેક્ષાઓ પર પાર ઉતરતા જોઈ તમારૂં સપનું સાકાર થઈ રહ્યું હોવાનું લાગશે. કામનું દબા તમારા મગજને ઘેરી વળશે છતાં તમારૂં પ્રિયપાત્ર તમને અમર્યાદ રોમેન્ટિક આનંદ આપશે. તમારી સખત મહેનતનું વળતર મળશે કેમ કે તમને પ્રમોશન મળવાની શકવતા છે. નાણાંકીય લાભો વિશે વિચારતા નહીં કારણ કે લાંબા ગાળામાં તમે જ લાભાર્થી ઠરવાના છો. દરેક કાર્ય ને સમય પર પૂર્ણ કરવું ઠીક હોય છે, જો તમે આ કરો છો, તો તમે તમારા માટે પણ સમય શોધી શકો છો.

કન્યા- બાળકો સાથે રમવાથી તમને દર્દ દૂર કરનાર અદભુત અનુભવ થશે. અન્યો પર વધુ પડતો ખર્ચ કરશો એવી શકવતા છે. તમારો વધારાનો સમય નિઃસ્વાર્થ સેવામાં સમર્પિત કરો. આ બાબત તમને આનંદ આપશે તથા તમારા પરિવારને પણ અપાર આનંદ આપશે. તમારૂં કામ ઓછી મહત્વતા પ્રાપ્ત કરશે-કેમ કે તમને તમારા પ્રિયપાત્રની બાહોંમાં રાહત, આનંદ તથા અત્યંત લાગણીનો તરંગ મળ્યો છે. કામના સ્થળે, તમે સારૂં પરિવર્તન અનુભવશો. તમારે તમારી ખામીઓ પર કામ કરવા ની જરૂર છે, આ માટે તમારે તમારા માટે સમય કાઢવો જોઈએ. લગ્નજીવનમાં વ્યક્તિના એકાંતનું આગવું મહત્વ હોય છે, પણ આજે તમે એકમેકની નિકટ રહેવાની કોશિશ કરશો. રોમાન્સ ચોક્કસ જ જોરદાર છે.

તુલા- તમારા નકારાત્મક વિચારો માનસિક બીમારીનું સ્વરૂપ લઈ લે તે પૂર્વે જ તમારે તેમનો નાશ કરવો જોઈએ. તમને સંપૂર્ણ માનસિક સંતોષ આપે એવી કોઈક પ્રવૃત્તિ સાથે સંકળાઈને તમે તેમનાથી મુક્તિ પામી શકો છો. જમીન અથવા કોઈ મિલકત માં નિવેશ કરવું તમારા માટે જીવલેણ હોઈ શકે છે જેટલું શકય હોય ત્યાં સુધી આ વસ્તુઓ માં નિવેશ કરવા થી બચો. તમે જો પાર્ટી કરવાની યોજના ઘડી રહ્યા હો તો તમારા ખાસ મિત્રને જરૂર આમંત્રણ આપજો-એવા ઘણા લોકો હશે જે તમારો ઉત્સાહ વધારશે. ઉત્સાહજનક દિવસ કેમ કે આજે તમને તમારા પ્રિયપાત્ર તરફથી ભેટ-સોગાદ મળશે. કેટલાક માટે પાર્ટ-ટાઈમ નોકરીની તકો. સમય કરતા મોટું કંઈ હોતું નથી. તેથી જ તમે સમય નો સારો ઉપયોગ કરો છો, પરંતુ કેટલીકવાર તમારે જીવન ને સરળ બનાવવા ની જરૂર છે

વૃશ્ચિક- આજે તમારા સ્વાસ્થ્ય વિશે ચિંતા કરવાની જરૂર નથી. તમારી આસપાસના લોકો તમારું મનોબળ તથા જુસ્સો વધારશે. આજે તમે મૂડી આસાનીથી ઊભી કરી લેશો-લેણાં નીકળતાં નાણાંની ઉઘરાણી કરો-અથવા નવા પ્રોજેક્ટ્સ પર કામ કરવા માટે ધીરાણ માગો. વૈવાહિક જોડાણમાં પ્રવેશવા માટે સારો સમય. સાવધાન રહેજો કેમ કે આજે પ્રેમમાં પડવું એ તમારી માટે અપવિત્ર બાબત બની શકે છે. આજે કામના સ્થળે તમે કશુંક ખરેખર અદભુત કરશો. પરિવાર ની જરૂરિયાતો ને પૂર્ણ કરતી વખતે, તમે ઘણીવાર તમારી જાત ને સમય આપવા નું ભૂલી જાઓ છો. પરંતુ આજે તમે સૌથી દૂર રહી પોતાના માટે સમય કાઢી શકશો? અભિપ્રાયમાં ભિન્નતા આજે તમારા અને તમારા જીવનસાથી વચ્ચે ઝઘડાનું કારણ બનવાની શકવતા છે.

ધન- ભ્ડ પ્રશંસના દરદીઓ લોહીનું દબાણ ઘટાડવા ૨ંડ વાઈનની મદદ લઈ શકે છે અને કોલેસ્ટ્રોલનું પ્રમાણ નીચું રાખી શકે છે. આનાથી તેમને વધુ રાહત થશે. કેટલીક મહત્વની યોજનાઓ અમલમાં મુકાશે જેને કારણે તમને નવો આર્થિક લાભ થશે. અન્યોના સૂચનોને સાંભળવા તથા તેના પર અમલ કરવો મહત્વનું સાબિત થાય એવો દિવસ. તમારી ઊર્જાનું સ્તર ઊંચું રહેશે-કેમ કે તમારૂં પ્રિયપાત્ર તમને અસીમ પ્રેમ આપે એવી શકવતા છે. તમે છેલ્લા થોડા સમયથી વિચારી રહ્યા છો એ કારકિર્દીને લગતા મહત્વના નિર્ણયો લેવાનો સમય છે. ખરીદી તથા અન્ય પ્રવૃત્તિઓ તમને દિવસના મોટ ભાગનો સમય વ્યસ્ત રાખશે. પરણેલા હોવાનો ખરો આનંદ તમે આજે જાણશો.

મકર- ધ્યાન તથા સ્વયં-સમજ લાભદાયક પુરવાર થશે. નાણાકીય જીવન માં આજે ખુશ હાલી રહેશે આની સાથે તમે દેવા થી પણ આજે મુક્ત થયી શકો છો? તમે ધાર્મિક સ્થળ અથવા કોઈક સભંધીની મુલાકાત લો એવી શકવતા જોવાય છે. તમારા પ્રિયપાત્રનું વિચિત્ર વર્તન તમારો રોમેન્ટિક દિવસ બગાડી નાખશે. પ્રવાસ તમારી માટે વ્યાપારની નવી તકો લાવશે. આધ્યાત્મિક ગુરૂ અથવા કોઈક વડીલ તમને માર્ગદર્શન પૂરું પાડશે. તમારા જીવનસાથીની રૂક્ષતા તમને દિવસભર નારાજ કરી શકે છે.

કુંભ- તમારો માયાળુ સ્વભાવ આજે અનેક ખુશીભરી ક્ષણો લાવશે. આજે તમને કોઈ અજાણ્યા સ્રોત્ર થી ધન લાભ થયી શકે છે જેના લીધે તમારી ઘણી આર્થિક મુશ્કેલીઓ દૂર થયી જશે. અન્યોને પ્રભાવિત કરવાની તમારી આવડત તમને વળતર અપાવશે. આજે પ્રેમના અતિઆનંદમાં તમારાં સપનાં અને વાસ્તવિકતા એકમેકમાં ભળી જશે. કામના સ્થળે તમે મોટા લાભ મેળવશો. આજે તમને તમારાં સાસુ-સસરા તરફ થી કોઈ ખરાબ સમાચાર મળી શકે છે, જેના કારણે તમારું મન ઉદાસ થઈ શકે છે અને તમે વિચારવા માં ઘણો સમય પસાર કરી શકો છો.

મીન- તમારૂં મોહિત કરનારૂં વર્તન ધ્યાન આકર્ષિત કરશે. તમારા ધન સંચિત કરવા ના પ્રયાસ આજે અસફળ થયી શકે છે. પરંતુ ઘબરાવાની જરૂર નથી કેમકે પરિસ્થિતિ જલ્દી સુધરશે? તમે ઉજવણીના મૂડમાં હશો તથા પરિવારના સભ્યો તથા મિત્રો પાછળ નાણાં ખર્ચવા તમને ગમશે. આકાશ તમને વધુ તેજલ્લી લાગશે, ફૂલો વધુ રંગીન જણાશે, તમારી આસપાસ બધું જ ઝળહું હોવાનો આભાસ તમને થશે, કેમ કે તમે પ્રેમમાં છો. માનસિક સ્પષ્ટતા તમને ભિઝનેસમાં અન્યોની સરખામણીએ આગળ રાખશે. તમે ભૂતકાળની તમારી તમામ મૂંઝવણો દૂર કરી શકશો. આજ ના સમય માં તમારા માટે સમય શોધવો ખૂબ મુશ્કેલ છે. પરંતુ આજે એવો દિવસ છે જ્યારે તમારી પાસે તમારા માટે પુષ્કળ સમય હશે. લાગે છે કે આજે તમારા જીવનસાથી ખૂબ જ મસ્ત મિજાજમાં છે, તમારે માત્ર તેમને મદદ કરવાની છે જેથી આજનો દિવસ તમારા લગ્નજીવનનો શ્રેષ્ઠ દિવસ બની રહે.

મુઝફ્ફરપુરમાં ડોક્ટરે મહિલાનું હતું ગર્ભાશયનું ઓપરેશન,કાઢી લીધી બંને કિડની,થયો ફરાર

મુઝફ્ફરપુર, બરિયાપુર ઓપી વિસ્તારમાં ઓપરેશન કરવાની આડમાં મહિલાની બંને કિડની કાઢી લેવામાં આવી છે. જ્યારે મહિલાની તબિયત લથડવા લાગી ત્યારે ખુલાસો થયો કે, તેની બંને કિડની કાઢી લેવામાં આવી છે. ત્યારબાદ તાત્કાલિક મહિલાને હોસ્પિટલ લઈ જવામાં આવી હતી અને પીએચસીએકમાં દાખલ કરવામાં આવી હતી. પરંતુ ત્યાં પણ મહિલાની હાલત અત્યંત ગંભીર છે. હાલ મહિલાની સારવાર મુઝફ્ફરપુરની સદર હોસ્પિટલમાં ચાલી રહી છે અને તે ડાયાલિસિસ પર છે. બરિયાપુર ચોક નજીક એક ક્લિનિક સંચાલક પર આરોપ લગાવવામાં આવ્યો છે કે, તેણે સુનિતાદેવી નામની મહિલાના ગર્ભાશયનું ઓપરેશન કર્યું હતું, ત્યારે તેણે મહિલાની બંને કિડની કાઢી નાંખી હતી. ત્યારબાદ મહિલાની હાલત બગડી ત્યારે પટનાના ગાયઘાટ સ્થિત એક ખાનગી દવાખાનામાં ખસેડવામાં આવી હતી. ત્યારે ડોક્ટરે આ વાતની જાણકારી આપી હતી. જો કે ત્યાં પણ તેની હાલત વધુ બગડવા લાગી તો મુઝફ્ફરપુરની એકકેએમસીએચ હોસ્પિટલમાં ખસેડવામાં આવી હતી. ત્યા હાજર ડોક્ટરે તપાસ કરી જણાવ્યું હતું કે, તેની બંને કિડની કાઢી લેવામાં આવી છે. આ મામલે પીડિતાની માતા તેતરી દેવીએ જણાવ્યું હતું કે, મહિલાને એસકેએમસીએચ પહેલાં પટનાની આઈજીઆઈએમએસ પટનામાં લઈ જવામાં આવી હતી. પરંતુ ત્યાં દર્દિને બેડ મળી શકયો નહતો. ત્યારબાદ તેને પીએમસીએચ લઈ જવામાં આવી, પરંતુ ત્યાં મહિલાની હાલત વધુ બગડવા લાગી હતી તો પરિવારજન મહિલાને ઘરે લઈ આવ્યાં હતાં. ત્યારબાદ સ્થાનિક ધારાસભ્ય અશોક ચૌધરીની મદદથી તેને સદર હોસ્પિટલ લઈ જવામાં આવી હતી, ત્યાં પીડિત મહિલા ડાયાલિસિસ પર છે. ત્યાં આરોપી ડોક્ટર તેમજ સંચાલક પવન ક્લિનિક બંધ કરીને ફરાર થઈ ગયો છે. આરોપી ડોક્ટરે વાતની કરતા જણાવ્યું હતું કે, તેણે નર્સી અન્ય ડોક્ટરે ઓપરેશન કર્યું હતું. દર્દી તેના પરિવારજનના ઓળખીતા છે. તેમના કહેવાથી જ મહિલાનું ઓપરેશન કરવામાં આવ્યું હતું. જો કે, ડોક્ટરે સ્વીકાર કર્યો હતો કે ભુલ થઈ છે અને તે પોતાની બંને કિડની આપવા માટે તૈયાર છે. આ મામલે બરિયારપુર ઓપી પોલીસે પીડિતાના ઘરે પહોંચી તપાસ હાથ ધરી છે. આ મામલે રાજેશ કુમાર યાદવે જણાવ્યુ હતુ કે, આ મામલે તપાસ ચાલુ છે. જો કોઈ દોષી જણાશે તો તેની પર કાર્યવાહી કરવામાં આવશે. હાલ તો આ ઘટનાને માનવ અંગોની તસ્કરી સાથે જોડીને પણ તપાસ કરવામાં આવશે. જો કે, આ મામલે સ્પષ્ટ તપાસ કરીને માહિતી આપવામાં આવશે.

ટ્રાફિક પોલીસે ઈલેક્ટ્રિક સ્કૂટરચાલકને PUC ન હોવાથી ફટકાર્યો દંડ, ફોટો સોશિયલ મીડિયામાં વાઈરલ થયો

કેરળ, કેરળની ટ્રાફિક પોલીસની એક વિચિત્ર ઘટના સામે આવી છે. જેને લીધે તેઓ સોશિયલ મીડિયા પર ખૂબ જ ટ્રોલ થયા છે. કેરળ પોલીસની એક ટીમે ઈલેક્ટ્રિક સ્કૂટરચાલક પર પોલ્યુશન અન્ડર કંટ્રોલ સર્ટિફિકેટ (પીયૂસી) ન હોવાને કારણે મેમો આપ્યો છે. આ મામલે સોશિયલ મીડિયામાં લોકોએ કેરળ ટ્રાફિક પોલીસને ભરપૂર ટ્રોલ થઈ છે. આ સાથે જ ઈલેક્ટ્રિક સ્કૂટર અને મેમાની તસવીર પણ વાઈરલ થઈ છે. આ મામલે કેરળ ટ્રાફિક પોલીસે દાવો કર્યો છે કે, આ ટાઈપિંગ એરર છે. તેમણે જણાવ્યું હતુ કે, મલ્લપુરમ જિલ્લામાં પોલીસની ટીમ દ્વારા ૨૫૦ રૂપિયાનો ટ્રાફિક મેમો આપતી વખતે ટાઈપિંગ એરર થઈ ગઈ હતી. ગયા અઠવાડિયે ટ્રાફિક પોલીસની ટીમ કરુવરકુંડુ પોલીસ સ્ટેશનની નીલાંચેરીમાં વાહનોને રોકી અને નિયમોને ભંગ કરનારા લોકો સામે કાર્યવાહી હાથ ધરી હતી.

અમિત શાહના કોંગ્રેસ પર આકરા પ્રહાર, કહ્યુ - કોંગ્રેસે ખેડૂતો-વેપારીઓને પાયમાલ કર્યા, ડેરીઓને તાળા માર્યા

અમરેલી, ચૂંટણીને આડે હવે ગણતરીના મહિનાઓ બાકી છે ત્યારે સત્તાપક્ષ ભાજપ એડીચોટીનું જોર લગાવી રહી છે. તેવામાં કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહ રવી એકવાર ગુજરાતની મુલાકાતે આવ્યાં છે. અમરેલીમાં યોજાયેલી સહકારી સમૃદ્ધિ કાર્યક્રમમાં અમિત શાહે કોંગ્રેસ પર આકરા પ્રહાર કર્યા હતા. તેમણે કહ્યુ હતુ કે, 'કોંગ્રેસે ખેડૂતોનો પાયમાલ કરી નાંખ્યા હતા. વેપારીઓની સ્થિતિ પણ કફોડી બની ગઈ હતી. તેતલું જ નહીં, કોંગ્રેસ શાસનમાં બધી ડેરીઓને તાળા લગાવવા પડ્યા હતા. કોંગ્રેસે તમામ ડેરીઓને નિષ્ફળ બનાવી હતી. અગાઉ માત્ર ૨૫ હજાર લિટર લિટર દૂધ પ્રોસસ થતું હતું.' આ ઉપરાંત અમિત શાહે સરકારના વખાણ કર્યા હતા. તેમણે કહ્યુ હતુ કે, મોદી સરકારે ખેડૂત માટે અનેક યોજનાઓ બહાર પાડી હતી. દુનિયામાં મધ ઉત્પાદનમાં ભારત અગ્રેસર છે. કારણ કે મોદી સરકારે મધ ઉત્પાદન માટે પણ અનેક યોજનાઓ શરૂ કરી હતી. આ ઉપરાંત નરેન્દ્ર મોદી સરકારે પ્રાકૃતિક ખેતી ઉપર પણ ભાર મૂક્યો હતો. તેલું જ નહીં, તમામ વસ્તુઓનું ડિજિટલાઈઝેનશન પણ કર્યું. મોટાભાગનું કામ ઓનલાઈન થઈ જાય તેવી વ્યવસ્થા પણ કરી છે.' આ પ્રસંગે અમિત શાહે કહ્યુ હતુ કે, 'સરકારી સંસ્થામાં સંઘાણીનું કામ પ્રશંસનીય છે. હું અહીં દિલીપભાઈને સર્ટિફિકેટ આપવા આવ્યો છું. આખા દેશના ૫૯૧ જિલ્લા ફરીને હું અમરેલી આવ્યો છું. અમરેલીએ દેશને અનેક સહકારી આગેવાન આપ્યાં છે. મારી સામાન્ય સભામાં અનેક ફાઈલ ઉછળી હતી.' વધુમાં તેમણે જણાવ્યું હતુ કે, સહકારની સમૃદ્ધિ વડાપ્રધાન નરેન્દ્ર મોદીનો સંકલ્પ છે. પરસોત્તમ રૂપાલાજીએ વડાપ્રધાન નરેન્દ્ર મોદીને સહકાર મંત્રાલય ચાલુ કરવાની સલાહ આપી હતી. આગામી ૨૯ અને ૩૦ સપ્ટેમ્બરે પણ ગુજરાત આવી શકે છે. ૦૨૯મીએ સુરત, અમદાવાદ અને ભાવનગરમાં કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું છે. ત્યારબાદ ૩૦મીએ મેઢોના ક્રેઝ રનું ઉદ્ઘાટન કરશે. આ ઉપરાંત વડાપ્રધાન નરેન્દ્ર મોદી પણ સપ્ટેમ્બરના અંતમાં ગુજરાત આવી શકે તેવી શકવતા છે.

પશ્ચિમ રેલવે - વડોદરા ડિવિઝન
નવા સ્ટીક લાઈન રોડનું વિસ્તરણ
ઈ-ટેન્ડર નોટીસ નં.
ડીઆરએમ-બીબીવારી 066, 2022-23
ભાલતના રણજીતિ માટે અને વતી ડિવિઝનલ રેલવે મેનેજર (W A/C.) પશ્ચિમ રેલવે, મતાપનગર, વડોદરા-390 004 દ્વારા નીચે જણાવેલ કાર્યો માટે સીલબંધ ટેન્ડરો આમંત્રિત કરે છે. **અનું નં.1: ટેન્ડર નં. ડીઆરએમ બીબીવારી 066, 2022-23, કામનું નામ:** રસ્તીયા ઘર્ટ ખાતે BCN વેગનના સમારકામ માટે હાલના સીક લાઈન રોડ સહિત નવા